# <u>પ્રાપ્તિનાં ભજનો</u>

## ॥ ૨૮ ॥

હાલતાં ને ચાલતાં રસ્તે મળે જો કોઈ પૂછે અમસ્તું જ 'કેમ છે ?' (૨)
આપણે તો કહીએ કે અલમસ્ત મૌજમાં, ને ઉપરથી શ્રીહરિની રહેમ છે, (૨)

તડકા ને છાયા તો આવે ને જાયે નથી અંતરઉજાસ થતો ઓછો,(૨)
સ્વામિનારાયણના નામનો રે આશરો, (૨) સર્વોપરી છે મને મોટો,
જીવનમાં પાનખર આવે છતાંય, મારી ભીતર વસંત એમ-નેમ છે,
આપણે તો કહીએ કે અલમસ્ત મૌજમાં, ને ઉપરથી શ્રીહરિની રહેમ છે,
હાલતાં ને ચાલતાં...

સહુના જો પ્રેરક છે શ્રીજી નિયંત્રક તો કઠપૂતળીઓના આ ખેલ છે, (૨)
તાળો મળી જાયે સઘળા હિસાબનો, (૨) જો જીવનમાં વાતનો આ મેળ છે,
રાખનાં રમકડાં છીએ હું ને તમે તો, 'હું'પદના આ બધા શા વ્હેમ છે ?
આપણે તો કહીએ કે અલમસ્ત મૌજમાં, ને ઉપરથી શ્રીહરિની રહેમ છે,
હાલતાં ને ચાલતાં...

ખોળિયું છે દેહ મારા આતમ અક્ષરનું જે બ્રહ્મરૂપ નિત્ય સહજાનંદમાં,(૨)
ચારે દિશાઓ વળી નભ ને પાતાળમાં, (૨) રમતી લીલાઓ બ્રહ્માનંદમાં,
સઘળું લૂંટાઈ જાય આવે પ્રલય મારી ભીતર 'સાહેબ' હેમખેમ છે,
આપણે તો છઈએ ભાઈ શ્રીજીની મૌજમાં, ને ઉપરથી સાહેબની રહેમ છે,
હાલતાં ને ચાલતાં...

❀